Extra No. 240

©

सत्यमेव जयते

The Gujarat Government Gazette

EXTRAORDINARY

PUBLISHED BY AUTHORITY

Vol. LXVI] **FRIDAY, JULY 11, 2025 / ASHADHA 20, 1947**

Separate paging is given to this Part in order that it may be filed as a Separate Compilation.

PART IV-C

Statutory Rules and Orders (Other than those published in Parts I, I-A and I-L) made by Statutory Authorities other than the Government of Gujarat including those made by the Government of India, the High Courts, the Director of Municipalities, the Commissioner of Police, the Director of Prohibition and Excise, the District Magistrates and the Election Commission, Election Tribunals, Returning Officers and other authorities under the Election Commission.

કલેક્ટર અને જિલ્લા મેજિસ્ટ્રેટની કચેરી

હુકમ

સેક્ટર-૧૧, ગાંધીનગર, ૪થી જુલાઈ, ૨૦૨૫

વંચાણે લીધુ:-

- પોલીસ અધીક્ષકશ્રી, ગાંધીનગરના પત્ર ક્રમાંક નં. એસઓજી/ગણવેશ જા.નુ/૫૦૫/૨૫ તા.૩૦/૦૬/૨૦૨૫

ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા, ૨૦૨૩ની કલમ-૧૬૩ હેઠળ હુકમ

નં. ડીસી/જાહેરનામું/વશી ૬૩૩૪ થી ૬૩૬૫/૨૦૨૫:- પોલીસ અધીક્ષકશ્રી, ગાંધીનગરનાઓએ આમુખના પત્રથી જણાવ્યા અનુસાર તાજેતરમાં બનાસકાંઠા જિલ્લામાં બે વ્યક્તિઓ સૈન્ય ગણવેશ પહેરી બી.એસ.એફ.ના કંડમ કરેલા વાહનમાં ગેરકાયદેસર દારૂની હેરાફેરી કરી રહ્યા હતા. જેમને સ્થાનિક પોલીસ દ્વારા અટકાયત કરી પૂછપરછ કરતા બે વ્યક્તિઓએ પોતે બી.એસ.એફ.ના જવાનો હોવાનું ઉલ્લેખ કરી પરંતુ સ્થાનિક પોલીસ દ્વારા વધુ તપાસ કરતા તે પૈકી એક વ્યક્તિ નિવૃત્ત સૈનિક અને અન્ય વ્યક્તિ સામાન્ય નાગરિક હતા.

બિનલશ્કરી વ્યક્તિ સામાન્ય નાગરિક દ્વારા સૈન્ય ગણવેશ/ચિન્હો અને વાહન સરળતાથી મેળવી શકાતા હોય તો રાષ્ટ્રવિરોધી તત્વો દ્વારા પણ તેનો દુરુપયોગ થઈ શકે તે શક્યતાને નકારી શકાય નહી. ભૂતકાળમાં પણ ત્રાસવાદીઓ દ્વારા સૈન્ય ગણવેશમાં આવી પઠાણકોટ, પંજાબ તથા ઉરી, જમ્મુ અને કાશ્મીર ખાતેની સૈન્ય છાવણીઓ પર હુમલાઓ કર્યા અંગેના બનાવો બનેલા છે. ગુજરાત રાજ્ય આંતરરાષ્ટ્રીય જળ સીમા અને સરહદ ધરાવતુ રાજ્ય હોવાથી વિશેષ તકેદારી રાખવાની જરૂરિયાત રહે છે.

અગાઉ પઠાણકોટ, પંજાબ ખાતે આવેલ એરફોર્સ સ્ટેશન ઉપર આતંકવાદીઓ સૈન્યના ગણવેશ ધારણ કરી હુમલો કરેલ હતો, આ સિવાય અગાઉ પણ સૈન્યના ગણવેશમાં આવીને આતંકવાદીઓ દ્વારા હુમલા કરવામાં આવેલ હતો. રાજ્યના વિવિધ શહેર/જિલ્લાઓ ખાતે સૈન્ય તથા અન્ય સશસ્ત્ર દળોના ગણવેશ તથા તેની સાથે સામ્યતા ધરાવતા વસ્ત્રોનું વેચાણ તથા તેનો ઉપયોગ થતો હોય છે આવા વસ્ત્રો ધારણ કરી અસામાજિક તત્વો દ્વારા દેશદ્રોહી/ગેરકાયદેસર પ્રવૃતિ માટે ઉપયોગ થવાનો પુરેપુરો સંભવ છે જેના કારણે રાષ્ટ્રીય સુરક્ષાને ગંભીર ખતરો ઉદભવી શકે છે, આ બાબત સુરક્ષાના પરિપ્રેક્ષ્યમાં ઘણી ગંભીર પ્રકારની હોઈ, બજારમાં બિનઅધિકૃત રીતે વેચાતા તથા ઉપયોગમાં લેવાતા સશસ્ત્ર દળોના ગણવેશ (પોશાક) તથા અન્ય ચીજ વસ્તુઓ ઉપર પ્રતિબંધ લાવવો ખૂબ જ જરૂરી છે.

વાસ્તે, હું મેહુલ કે.દવે આઇ.એ.એસ., જિલ્લા મેજિસ્ટ્રેટ, ગાંધીનગર ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા, ૨૦૨૩ની કલમ-૧૬૩ થી મને મળેલ સત્તાની રૂઈએ આથી હુકમ કરૂ છું કે, અત્રેના ગાંધીનગર જિલ્લાની સમગ્ર મહેસૂલી વિસ્તારમાં બિનઅધિકૃત રીતે વેચાતા તથા ઉપયોગમાં લેવાતા સશસ્ત્ર દળોના ગણવેશ (પોશાક) તથા અન્ય ચીજવસ્તુઓના વેચાણ/ઉપયોગ ઉપર પ્રતિબંધ ફરમાવવા આથી હુકમ કરૂ છું.

આ હુકમ તા. ૦૫/૦૭/૨૦૨૫ થી તા. ૦૨/૦૯/૨૦૨૫ બંને દિવસો સહિત અમલમાં રહેશે.

આ હુકમનો ભંગ કરનાર વ્યક્તિ ભારતીય ન્યાય સંહિતા, ૨૦૨૩ની કલમ-૨૨૩ મુજબ શિક્ષાને પાત્ર થશે.

આ હુકમમાં ગાંધીનગર જિલ્લામાં ફરજ બજાવતાં હે.કોન્સ. કે તેનાથી ઉચ્ચ હોદ્દો ધરાવનાર તમામ પોલીસ અધિકારીઓને આ જાહેરનામાનો ભંગ કરનાર ઈસમો સામે ભારતીય ન્યાય સંહિતા, ૨૦૨૩ની કલમ-૨૨૩ મુજબ ફરીયાદ માંડવા માટે અધિકૃત કરવામાં આવે છે.

તમામને વ્યક્તિગત રીતે નોટીસની બજવણી કરવી શક્ય ન હોઈ, આથી એકતરફી હુકમ કરૂ છું કે, જાહેર જનતાની જાણ સારૂ સ્થાનિક વર્તમાનપત્રો મારફતે બહોળી પ્રસિદ્ધિ દ્વારા તથા જિલ્લાના તમામ પોલીસ સ્ટેશનો/પોલીસ ચોકીઓ, તમામ મામલતદાર કચેરીઓ, તમામ તાલુકા પંચાયત કચેરીઓ તથા પોલીસ અધીક્ષકશ્રી, ગાંધીનગરની કચેરીના નોટીસ બોર્ડ પર આ હુકમની નકલ ચોંટાડી પ્રસિદ્ધિ કરવામાં આવશે તેમજ સહેલાઈથી જોઈ શકાય તેવી જાહેર જગ્યાઓ પર હુકમની નકલ ચોટાડી પ્રસિદ્ધિ કરવામાં આવશે. જિલ્લાના તમામ પોલીસ સ્ટેશનના જવાબદાર અધિકારીશ્રીએ આ હુકમની જાહેર જનતા સહેલાઈથી વાંચી શકે તે રીતે યોગ્ય સાઈઝના બોર્ડ બનાવી તેઓના કાર્યક્ષેત્રમાં આવેલ જાહેર સ્થળોએ મુકવાના રહેશે. આ હુકમને સરકારશ્રીના અસાધારણ રાજ્યપત્રમાં પ્રસિદ્ધ કરવો.

આજ તા.૦૪/૦૭/૨૦૨૫ ના રોજ મારી સહી તથા કચેરીનો સિક્કો કરી આપ્યો.

મેહુલ કે. દવે,

જિલ્લા મેજિસ્ટ્રેટ, ગાંધીનગર.

Signature Not Verified
Signed by:BHOLUSINGH G THAKUR
Date: 2025.07.15 22:23:41 +05:30
Reason: Validate Document
Location: Government Central Press, Gandhinagar